श्रीमाता श्रीमहाराज्ञी श्रीमत्सिंहासनेश्वरी।
चिदग्नि-कुण्ड-सम्भूता देवकार्य-समुद्यता॥ १॥

## १. श्रीमाता, श्रीमहाराज्ञी, श्रीमत् सिंहासनेश्वरी, ચિદગ્નિકુન્ડસંભૂતા, દેવકાર્યસમુદ્યતા.

લલિતાસહસ્રનામ એટલે મા ભગવતીનાં એક હજાર નામ. ૧૮૨૧/૨ શ્લોકમાં આ નામો આવેલાં છે. બ્રહ્માંડપુરાણના ઉત્તરખંડમાં ભગવાન હયગ્રીવ અને મહામુનિ અગસ્ત્યના સંવાદરૂપે આ સ્તોત્ર પ્રાપ્ત થયું છે. બ્રહ્માંડપુરાણ મહર્ષિ વેદવ્યાસ રચિત ૧૮ પુરાણોમાંનું અંતિમ પુરાણ એટલે કે ૧૮મું પુરાણ છે. આ નામોનું પારાયણ ગુરુઆજ્ઞા પ્રમાણે કરવું જોઈએ. આ નામાવલીમાં પરામ્બાનાં જે નામો આવે છે તેમાંથી મોટા ભાગનાં નામો શ્રીયંત્રની દેવીઓ તથા અધિષ્ઠાત્રીઓનાં નામ છે. હિન્દુ ધર્મના અતિગૂઢ સ્તોત્રોમાંના આ એક સ્તોત્રમાં શરીરમાં રહેલાં ચક્રોની અને કુંડલિનીના જાગરણની પ્રક્રિયાને પણ ગૂઢ સંકેતો દ્વારા દર્શાવવામાં આવી છે. આ નામોની વધારે ગૂઢતા જાણવા માટે સાધના આવશ્યક છે. આ સાધનાનો અધિકાર દીક્ષાથી જ પ્રાપ્ત થાય છે, અન્યથા નહીં.

### ૧ : શ્રીમાતા

માણસના જીવનમાં જ્યારે દુઃખ આવી પડે છે ત્યારે-ત્યારે તે પોતાની માતાનું સ્મરણ કરે છે. ઓ મા, હે મા, ઓ બા વગેરે. ભાષાવિદો પણ કહે છે કે બાળકની first language જાણવી હોય તો તેને દુઃખ આવી પડે કે કાંટો વાગે ત્યારે સહજ ઉદ્‌ગાર જે ભાષામાં થાય તે તેની માતૃભાષા. મનુષ્યદેહે આપણને જન્મ આપનાર માતાને આપણી જનની કહી છીએ. લૌકિક માતા ચોર્યાસી લાખ યોનિઓમાંથી પસાર થતાં-થતાં ચોર્યાસી લાખ માતાઓ પણ કહી શકાય. આ જ અર્થમાં સહજ તંત્રોક્ત દેવીસૂક્તનો ૨૫મો શ્લોક યાદ આવી ગયો.

**યા દેવી સર્વભૂતેષુ માતૃરૂપેણ સંસ્થિતા**
**નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ**

જનનીની પણ જનની ચોર્યાસી લાખ જન્મો આપનારી એ જનેતાને આપણે જગતજનની તરીકે પોકારીએ છીએ. માત્ર જગતજનની પરામ્બા જ એક એવી મા છે, જેના શરણમાં જવાથી સર્વ દુઃખોનું શમન થાય છે. જગતજનની, આદ્યાશક્તિ, મા ત્રિપુરસુંદરીનાં નામમાત્રથી જ, સ્મરણમાત્રથી જ હૃદયમાં અપૂર્વ શાંતિ અને અજવાળું પ્રગટે છે. બાળક જે પહેલો શબ્દ-મંત્ર બોલતાં શીખે છે તે 'મા'. જીવનનો આરંભ 'મા'થી થાય છે. મારી જાણ મુજબની ભાષાઓમાં મા માટેનો શબ્દ 'મ'થી જ શરૂ થાય છે. મા, માતા, મધર, મૈયા, માડી, મમ્મી... 'મા' ઉચ્ચારવા માટે કોઈ પ્રયાસ નથી કરવો પડતો.

શ્રીમાતા એમ ઉચ્ચારથી શ્રી એટલે સરસ્વતી અને લક્ષ્મી, એમ પણ અર્થ પ્રગટે છે. શ્રી શબ્દ સંપન્નતા, વૈભવ, સૌંદર્ય અને ઐશ્વર્યનું પણ પ્રતીક છે. આમ આ માતા તો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણેય દેવોની માતા છે.

અહીં સહજ યાદ આવે છે...

**યા બ્રહ્માચ્યુતશંકરપ્રભૃતિભિર્દેવૈઃ સદા વંદિતા**

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ અને બધા દેવો જેને સતત વંદન કરે છે એ મા પરમ ભટ્ટારિકા છે. માતાની આગળ 'શ્રી' મૂકવામાં આવ્યો છે, કારણ કે મહાન પુરુષો અને મહાન વસ્તુઓની આગળ 'શ્રી' શબ્દ મૂકવામાં આવે છે. શ્રીકૃષ્ણ, શ્રીયંત્ર, શ્રીફળ વગેરે. માતાનો એક બીજો અર્થ બધું જ પ્રગટાવનારી, બધું જ ઉત્પન્ન કરનારી એ પણ છે.

એક પ્રસંગ યાદ આવે છે. બાળપણમાં સ્વામી કૃષ્ણાનંદજીને મેં પૂછ્યું હતું કે તમને બધાં જ વંદન કરે? તમારા પિતા આવે તો પણ તમને વંદન કરે? અને એમણે હસીને જવાબ આપ્યો હતો, 'હા, પરંતુ જો મારી માતા મને મળવા આવે તો હું તેમને વંદન કરવા જાઉં.' સંસારનો ત્યાગ કર્યા પછી પણ સાધુ માતૃઋણ અને માતાના આદરને ભૂલી શકતો નથી.

## ૨ : શ્રીમહારાજ્ઞી

શ્રીમહારાણી, જગદંબા સમસ્ત બ્રહ્માંડોની નિયંત્રક છે. તેણે જ તમામ બ્રહ્માંડોની રચના કરી છે અને સમગ્ર બ્રહ્માંડોમાં તે વસે છે. એક મત એવો પણ છે કે કરોડો દેવતા અને દેવીઓ પોતાની શક્તિ અને પોતાની સત્તા મા જગદંબા પાસેથી પ્રાપ્ત કરે છે. આથી તેને મહારાણી કહેવામાં આવે છે.

## ૩ : શ્રીમત્ સિંહાસનેશ્વરી

માતાનું વાહન સિંહ છે, એ સિંહવાહિની છે. રાજા જે આસન ઉપર બેસતા હોય છે તેને પણ સિંહાસન કહે છે. દેવીપુરાણમાં માતાએ સિંહ ઉપર સવારી કરીને મહિષાસુરનો વધ કર્યો હતો. ચૈતન્ય ભૈરવીથી લઈને સંપતપ્રદા ભૈરવી સુધીના જે આઠ મંત્રો છે તેને પણ સિંહાસન કહે છે. આથી પણ માતાને સિંહાસનેશ્વરી કહી છે.

## ૪ : ચિદગ્નિકુન્ડસંભૂતા

આ શબ્દનું તાત્પર્ય શિવશક્તિરૂપિણીથી પણ છે, જેણે ચિદ્‌રૂપી અગ્નિકુંડમાંથી જન્મ લીધો હતો. અહીં માત્ર અગ્નિ શબ્દ એકલો નથી. અગ્નિનું વિશેષણ ચિદ્ પણ છે. ચિદ્‌નો અર્થ થાય છે શુદ્ધ જ્ઞાનશક્તિ. શુદ્ધ જ્ઞાન એટલે કે બ્રહ્મ જ અગ્નિની વેદી છે અને તેના દ્વારા જ અજ્ઞાનરૂપી અંધકાર નાશ પામે છે. જ્ઞાનનો અગ્નિ કોઈ પણ પ્રકારના સમિધ વિના નિરંતર પ્રગટેલો રહે છે અને તે માયાના અંધકારને દૂર કરે છે. જેવી રીતે દર્પણ વગર પ્રતિબિંબ બની શકતું નથી તેવી જ રીતે ચિતિશક્તિ વિના દેશ – કાલાદિ કોઈ દશ્ય પદાર્થ બની શકતો નથી. અર્થાત્ ચિતિ જ સર્વસ્વ છે. કોઈ પણ દેશ કે કાળ એવો નથી, જેમાં ચિતિ ન હોય. જ્ઞાન એ અગ્નિરૂપ છે અને સંભૂતાનો અર્થ છે જન્મ અથવા પ્રાદુર્ભાવ. જ્ઞાનની વિશેષતાને કારણે જગદંબાનો અગ્નિમાં નિવાસ છે. ચિત્તને અગ્નિકુંડ પણ કહેવામાં આવે છે.

ભગવદ્‌ગીતાના ચોથા અધ્યાયના ૩૭મા શ્લોકમાં ભગવાન કૃષ્ણ અર્જુનને કહે છે કે...

**યથૈધાંસિ સમિદ્ધોઽગ્નિર્ભસ્મ સાત્કુરુતેઽર્જુન,**
**જ્ઞાનાગ્નિઃ સર્વકર્માણિ ભસ્માસાત્કુરુતે**

તથા

**જેમ ભભૂકતો અગ્નિ કરે છે ભસ્મ કાષ્ઠ સૌ,**
**તેમ ચેતેલ જ્ઞાનાગ્નિ કરે છે ભસ્મ કર્મ સૌ.**

(ગીતાધ્વનિ – કિ. ઘ. મશરૂવાળા)

*જેવી રીતે સમ્યક્ પ્રજ્જ્વલિત અગ્નિ લાકડાંના ભારાને ભસ્મીભૂત કરી દે છે તે જ રીતે જ્ઞાનરૂપી અગ્નિ પ્રારબ્ધકર્મો ઉપરાંત સંપૂર્ણ કર્મોને ભસ્મ કરી નાખે છે.*

(ઉપપુરાણ) રેણુકાપુરાણમાં જણાવવામાં આવ્યું છે કે દેવીનું પ્રાગટ્ય યજ્ઞાગ્નિમાંથી થયું છે. ઇક્ષ્વાકુ વંશમાં રેણુ નામનો એક રાજકુમાર હતો. એણે તપ કરીને દેવી પાસેથી વરદાન પ્રાપ્ત કર્યું હતું. યજ્ઞના અગ્નિમાંથી દેવી પ્રગટ્યાં. તેમનું સ્વરૂપ અત્યંત દિવ્ય હતું. ખૂબ જ ઝડપથી પ્રગટ્યાં. આ શક્તિ જ સમગ્ર બ્રહ્માંડનો આધાર છે. એના સિવાય બીજી કોઈ શક્તિ નથી. બ્રહ્માંડપુરાણમાં એક કથા આવે છે. ભંડાસુરે ઇન્દ્રને ખૂબ ખરાબ રીતે સતાવ્યો. ત્યારે ઇન્દ્રએ યોજનો પહોળી એક વેદી બનાવી. જ્યારે દેવો સ્વયં પોતાના શરીર એ વેદીમાં હોમવાનું વિચારવા લાગ્યા તો અગ્નિમાંથી જ્યોતિ પ્રગટી અને એ જ્યોતિ એટલી ઉજ્જ્વળ, એટલી નિર્મળ હતી કે કરોડો સૂર્ય પણ ઝાંખા લાગે. એ જ્યોતિ એટલી શીતળ હતી કે કરોડો ચંદ્ર પણ તોલે આવે નહીં અને એ જ્યોતિપુંજના મધ્યમાં શ્રીચક્ર હતું. તેનું વર્ણન કરવું શક્ય જ નથી. એ ચક્રના કેન્દ્રબિંદુમાં જગદંબાની અભિવ્યક્તિ થઈ. તેમની છટા સવારના સૂર્ય જેવી હતી. જગતજનની જગદંબાનાં દર્શન કરીને ઇન્દ્ર વગેરે દેવો હર્ષથી અભિભૂત થઈ ગયા અને માતાજીને વારંવાર પ્રણામ કરવા લાગ્યા.

સપ્તશતીના બીજા અધ્યાયમાં ૧૮મા શ્લોકમાં જણાવવામાં આવ્યું છે કે

**તતઃ સમસ્તદેવાનાં તેજોરાશિસમુદ્ભવામ્**

*સમસ્ત દેવોના તેજસમૂહમાંથી દેવીનું પ્રાગટ્ય થયું.*

## ૫ : દેવકાર્યસમદ્યુતા

દેવોના ઉદ્દેશને પૂરા કરવા સદૈવ તત્પર મા જગદંબાનું પ્રાગટ્ય ભંડાસુર, મહિષાસુર વગેરેના સંહાર માટે થયેલું છે. માર્કંડેયપુરાણમાં ઉલ્લેખ છે કે જગદંબા અનાદિ છે. છતાં પણ દેવોનાં કાર્યની સિદ્ધિ માટે વારંવાર અવતાર લે છે.

દુર્ગાસપ્તશતીના અગિયારમા અધ્યાયના ૫૧મા શ્લોકમાં –

**ઇત્થં યદા યદા બાધા દાનવોત્થા ભવિષ્યતિ,**
**તદા તદાવતીર્યાહં કરિષ્યામ્યરિસંક્ષયમ્.**

સ્વયં જગદંબાએ કહ્યું છે કે જ્યારે-જ્યારે સંસારમાં દાનવીય વિઘ્નો ઊભાં થશે ત્યારે-ત્યારે અવતાર લઈને હું શત્રુઓનો સંહાર કરીશ.

કુર્મપુરાણ પ્રમાણે હિમવાનને સંબોધિત કરતી વખતે જગદંબાએ કહ્યું કે દેવોનો આર્તનાદ સાંભળીને કાર્યનું મહત્ત્વ ધ્યાનમાં રાખીને પોતાના પિતાની કે જેણે મહેશ્વરનું અપમાન કર્યું હતું, મહેશ્વરની ઉપેક્ષા કરી હતી ત્યાં દયાર્દ્ર બનીને મેનાના ગર્ભથી જન્મ લઈને મેં તમને મારા પિતા બનાવ્યા છે. આ રીતે દેવીના પ્રકાશનું અને આકારનું વર્ણન કરવામાં આવ્યું છે. આપણે આગળ વિમર્શનું વર્ણન જોવાના છીએ.

યોગવાસિષ્ઠમાં ભગવાન કહે છે કે 'મારા બે આકાર છે. એક સાધારણ તથા બીજો દિવ્ય. સાધારણ આકારમાં હાથ, ભુજા વગેરે છે. જેની પૂજા મૂઢ કરે છે. મારું દિવ્ય સ્વરૂપ અનાદિ છે, જેને આદિ નથી, અંત નથી, જેમાં કોઈ વિગ્રહ નથી, જેને બ્રહ્મ, આત્મા, પરમાત્મા વગેરે કહેવાય છે. એક અન્ય સ્થાન ઉપર કહેવામાં આવ્યું છે કે સાધારણ આકાર પણ બે પ્રકારના હોય છે. એક સ્થૂળ આકાર અને બીજો સૂક્ષ્મ આકાર, જ્યારે ગંગાજળ એ ચોથો જ આકાર છે.'

उद्यद्भानु-सहस्राभा चतुर्बाहु-समन्विता।
रागस्वरूप-पाशाढ्या क्रोधाकारांकुशोज्ज्वला॥ २॥

**૨. ઉદ્યદ્‌ભાનુસહસ્રાભા ચતુર્બાહુસમન્વિતા,**
**રાગસ્વરૂપપાશાઢ્યા ક્રોધાકારાંકુશોજ્જ્વલા.**

## ૬ : ઉધદ્‌ભાનુસહસ્રાભા

**જગદંબાનો વર્ણ ઊગી રહેલા કરોડો સૂર્યની આભા જેવો પ્રતીત થાય છે.**

એમ કહી શકાય કે ઊગી રહેલા સવારના હજારો સૂર્યની આભાતુલ્ય છે. એનાથી એ પ્રતીત થાય છે કે માનો વર્ણ ઘેરો લાલ છે. સ્વતંત્રમાં કહેવામાં આવ્યું છે કે લલિતાનો વિશ્વવિગ્રહ (આકાર) તેનો પોતાનો જ પ્રકાશ છે અને રક્તભા એ એનો વિમર્શ છે. તેની આરાધના અને ધ્યાન તે જ રૂપમાં થાય છે. વામકેશ્વરમાં જણાવવામાં આવ્યું છે કે દેવી ત્રિપુરા સ્વયં પોતે જ પોતાનો વાસ્તવિક આકાર છે. લાલ, ઘેરું આકાશ એ તો એની એક અભિવ્યક્તિ છે.

દેવીના ત્રણ વિગ્રહ છે : સ્થૂળ, સૂક્ષ્મ અને પર. જેમાં પ્રકાશ અને વિમર્શ ભાવસંનિહિત છે. સ્થૂળ આકાશમાં હાથ, પગ વગેરે બધા જ અવયવોનો સમાવેશ થાય છે. સૂક્ષ્મ આકારમાં માત્ર મંત્ર છે અને પરમાં વાસના, આદર્શ કે માનસિક સૂક્ષ્મરૂપ પણ ત્રણ પ્રકારનાં હોય છે. આ ત્રણમાંથી સ્થૂળ આકારનું વર્ણન આપણે આગળ જતાં જોઈશું.

## ૭ : ચતુર્બાહુસમન્વિતા

માતાજીને ચાર ભુજાઓ છે. ચાર ભુજા એ અવસ્થાઓ છે : જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુર્યાવસ્થા. આ ચાર અવસ્થાઓને શ્રીલલિતામ્બાની ચાર ભુજાઓના રૂપમાં પ્રતિપાદિત કરવામાં આવી છે. માતાજીની આ ચાર અંગદશાઓ તે ઉપલક્ષણ માત્ર છે. પારમાર્થિક સ્વરૂપે નહીં. સુષુપ્તિ વગેરે ત્રણ દશાઓ બંધકારિણી છે. આથી જ માતાનાં આયુધોમાં ઇક્ષુચાપ, પુષ્પબાણ અને પાશ એમ દર્શાવવામાં આવ્યાં છે તે હવેનાં નામોમાં જોઈશું.

## ૮ : રાગસ્વરૂપપાશાઢ્યા

પહેલા દેવીની ચાર ભુજાઓ દર્શાવવામાં આવી. હવે તેમના હાથોમાં જે-જે આયુધ છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે. આ આયુધ ત્રણ પ્રકારનાં છે. રાગ એ પાશ સ્વરૂપ છે. પાશ સ્થૂળરૂપે છે, તો વાસના તેનું સર્વોચ્ચ રૂપ છે. માતાજીના ઉપરના ડાબા હાથમાં છે. આથી જ તે વાયુતત્ત્વ પણ છે. વાયુના પ્રકોપથી પ્રગટતાં ઝંઝાવાતને લીધે સ્વપ્નદશાને ભ્રામક પણ કહેવામાં આવે છે. આ અવસ્થામાં જીવને ભેદાભેદની ભ્રાંતિની અનુભૂતિ થતી હોય છે. આમ સ્વપ્નાત્મક બાહુના આયુધને પાશના રૂપમાં પ્રદર્શિત કરવામાં આવ્યું છે. રાગનો વર્ણ લાલ કહેવામાં આવ્યો છે. એ રજોગુણી પણ કહેવાય છે. રાગ એ રજોગુણનું પ્રારંભિક સ્ફુરણ પણ છે.

## ૯ : ક્રોધાકારાંકુશોજ્જ્વલા

**હાથીના અંકુશની જેમ ક્રોધ અને સાંસારિક જ્ઞાન ચમકી રહ્યાં છે.**

ક્રોધ એ ઘૃણાનું જ રૂપાંતર છે. આકારનો અર્થ સાંસારિક જ્ઞાન થાય છે. માતાજી પોતાના ડાબા હાથમાં અંકુશ ધારણ કરીને જાજ્વલ્યમાન બની રહી છે. અંકુશ એ ઘૃણા અને સાંસારિક જ્ઞાનનું પ્રતીક છે. તંત્રરાજના વાસના અધ્યાયમાં કહેવામાં આવ્યું છે કે મન એ શેરડીના સાંઠાનું ધનુષ્ય છે, રાગ એ પાશ છે. ક્રોધ ઉત્તેજના આપી રહ્યો છે અને પાંચેય સૂક્ષ્મ તન્માત્રાઓ ફૂલોની પાંચ પણછરૂપે છે, પરંતુ યોગીનીહૃદયમાં પણ એ ઇચ્છાશક્તિ, અંકુશ, એ ઉત્તેજિત કરનારી જ્ઞાનશક્તિ અને ધનુષ્ય તથા બાણ ક્રિયાશક્તિ છે એમ જણાવવામાં આવ્યું છે. જગદંબા રાગરૂપી પાશથી બાંધે યછે અને ક્રોધરૂપી અંકુશથી તાડન કરે છે, પરંતુ આ તો માતાનો અંકુશરૂપી ક્રોધ છે. માતાનો ક્રોધ હોવાથી એ મમતામય છે. માની ગાળ અને ઘીની નાળ સહજ યાદ આવે. આ પ્રકારે મા જીવને અપરા પ્રકૃતિના સ્તર પર બાંધી દે છે. ક્યાંય પણ રાગ કે આસક્તિ થવી તે જ પાશ છે, બંધન છે. આ જગત આમ બંધાયેલું છે. ક્રોધ, દ્વેષ અથવા ઘૃણા એ પ્રકૃતિના અંકુશ છે. જેનાથી વીંધાયેલો માણસ કોઈ પણ પાપ કરવા વિવશ થઈ જાય છે. આ પ્રકારે પ્રકૃતિ પુરુષને પશુ જેવો બનાવીને વશમાં રાખે છે અને તેને સૃષ્ટિક્રમનાં કાર્ય કરાવે છે.

ચોથો બાહુજ્ઞાનાત્મક તુર્યાવસ્થા છે, જેમાં શિવત્વની પ્રાપ્તિ કરીને જીવ મુક્ત થઈ જાય છે. આથી જ્ઞાનાત્મક સદાશિવને અંકુશના રૂપમાં આયુધ તરીકે નિરૂપિત કરવામાં આવ્યા છે. જેવી રીતે હાથી જેવા વિશાળ પ્રાણીનું નિયંત્રણ અંકુશ કરે છે તે જ રીતે મનુષ્યનું નિયંત્રણ જ્ઞાનરૂપી સદાશિવતત્ત્વથી થાય છે. જ્યાં સુધી પ્રાણી પોતાની અને બીજાની જોડે બંધાયેલો છે ત્યાં સુધી તે પાશબદ્ધ છે અને જે ક્ષણે એ પોતાને તેના પાશમાં બાંધી દે છે તેવો તે તરત જ મુક્ત થઈ જાય છે. પોતાનાથી બંધાવું એ પાશ અને એ પરમતત્ત્વથી બંધાઈ જવું એ પાશમુક્તિછે.

मनोरूपेक्षु-कोदण्डा पञ्चतन्मात्र-सायका।
निजारुण-प्रभापूर-मज्जद्ब्रह्माण्ड-मण्डला॥ ३॥

## ૩. મનોરૂપેક્ષુકોદન્ડા પંચતન્ત્રમાત્રસાયકા,
## નિજારુણપ્રભાપૂરમજ્જદ્ બ્રહ્માંડમંડલા.

### ૧૦ : મનોરૂપેક્ષુકોદન્ડા

**હાથમાં જે ધનુષ્ય છે એ મહામાયાના માનસરૂપી શેરડીના સાંઠાથી બનેલું છે.**

મન સંકલ્પ અને વિકલ્પ એમ બંને ગુણોથી મુક્ત છે. આ મનરૂપી શેરડીનું ધનુષ્ય પરામ્બાના નીચલા હાથમાં છે. દક્ષિણામૂર્તિસંહિતામાં મા ભગવતીના ડાબા હાથમાં ધનુષ્ય બતાવવામાં આવ્યું છે. ભાવનોપનિષદમાં ઇક્ષુ ધનુષ્યમાં મનની ભાવના કરવામાં આવી છે. मनः इक्षु धनुषः અર્થાત્ ઉપાસકનું મન એ જ મા ભગવતીનું શેરડીનું ધનુષ્ય છે.

ધનુષ્ય ઉપર સંકલ્પરૂપી ભમરાની પણછ ચઢેલી છે. શેરડી મીઠાશથી ભરપૂર હોય છે. એટલા માટે આનંદરસના ભોગી એવા મનને ઇક્ષુ ધનુષ્યની ઉપમા આપવામાં આવી છે. મનમાં હંમેશાં સંકલ્પ અને વિકલ્પના ભમરાઓ ઊડ્યા જ કરતા હોય છે. આ ભમરાઓને ધનુષ્યની પણછની ઉપમા આપવામાં આવી છે. જેવી રીતે ભમરા ફૂલોમાં રહેલા રસની ઇચ્છાથી આકાશમાં ગુંજારવ કર્યા કરતા હોય છે એવી જ રીતે મનની સંકલ્પરૂપ અને વિકલ્પરૂપ વૃત્તિઓ વિષય-વાસનાથી, ચિદાકાશમાં અવાજ કે ગણગણાટ કરતી ઊડ્યા જ કરે છે.

ઉપાસક માટે તો ખરી ગૂઢ વાત એ છે કે પોતાનું મન જગદંબાના હાથની કઠપૂતળી બની જાય એ જ ઇચ્છા રહેવી જોઈએ. આ માટે ભગવતી ત્રિપુરસુંદરીનાં ચરણોમાં આત્મસમર્પણ કરવું જોઈએ અને એવું બને છે ત્યારે મન પછી કોઈ ક્રિયા કરતું નથી. માની ઇચ્છામાં બધી ઇચ્છા ભળી જાય છે. અહીં સહજ રામકૃષ્ણ પરમહંસની યાદ આવી જાય છે. તેઓ વારંવાર કહેતા કે માની ઇચ્છામાં તેમની ઇચ્છા ભળી ગઈ છે. શેરડીના બનેલા ધનુષ્યનો સંદર્ભ ક્રોધભટ્ટારક મહામુનિ દુર્વાસાના ત્રિપુરામહિમ્નસ્તોત્રમાં પણ આવે છે.

### ૧૧. પંચતન્માત્રસાયકા

**પાંચ સૂક્ષ્મ તન્માત્રાઓનાં બાણ છે.**

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ – આ પાંચ બાણ છે. આ બાણ માતાજીના ડાબા હાથમાં છે. વામકેશ્વરમાં પણ શબ્દ, સ્પર્શ વગેરે તેમનાં બાણ છે અને મને એ તેમનું ધનુષ્ય છે એવો ઉલ્લેખ જોવા મળે છે. બાણ પણ ત્રણ પ્રકારનાં જોવા મળે છે : જડ, સ્થૂળ અને સૂક્ષ્મ. સૂક્ષ્મબાણ વાસનાઓ છે. સ્થૂળબાણ મંત્ર છે અને જડબાણ પાંચ ફૂલ છે. કમળ, રક્તકૈરવ, કરેણ, ઇન્દિવર અને આમ્રપુષ્પ આ પાંચ જડબાણ તરીકે ઓળખાય છે. ખરેખર તો ભગવતી ત્રિપુરાનાં પાંચ બાણ એ આ પાંચ પુષ્પો જ છે. દેવીના ધનુષ્યનું નામ સર્વસંમોહન છે અને બાણોનું નામ સર્વજૃંભણ છે. કાલિકાપુરાણમાં તો આ પાંચ બાણનું વર્ણન કરવામાં આવ્યું છે. (૧) પ્રસન્નતા પ્રદાન કરનારું (૨) ભ્રાંતિ પેદા કરનારું (૩) ક્ષીણ કરનારું (૪) મૃત્યુદાયક (૫) હર્ષ પ્રદાન કરનારું. આ પાંચેય બાણ એટલાં બધાં શક્તિશાળી હોય છે કે ભલભલા મુનિઓને પણ ભ્રાંતિમાં નાખી દે છે.

## ૧૨ : નિજારુણપ્રભાપૂરમજ્જદ્ બ્રહ્માંડમંડલા

**સમગ્ર બ્રહ્માંડને જગદંબા પોતાના ગુલાબી તેજમાં સ્નાન કરાવી રહી છે.**

ઋષિઓએ, સદ્ગુરુઓએ, વડીલોએ બ્રાહ્મમુહૂર્તને બહુ જ મહત્ત્વ આપ્યું છે. કવિ નરસિંહ મહેતાએ તો –

**'રાત રહે જ્યાહરે પાછલી ખટઘડી સાધુપુરુષએ સૂઈ ન રહેવું.**
**નિદ્રાને પરહરિ સમરવા શ્રીહરિ એક તું એક તું એમ કહેવું.'**

'યોગિનીહૃદય'માં સવારના ગુલાબી તેજવાળા સમયને ન્યાસ અને ધ્યાન કરવા માટે શ્રેષ્ઠ ગણાવ્યો છે.

चम्पकाशोक-पुन्नाग-सौगन्धिक-लसत्कचा।
कुरुविन्दमणि-श्रेणी-कनत्कोटीर-मण्डिता॥ ४॥

**(૪) ચમ્પકાશોકપુન્નાગસૌગન્ધિકલસત્કચા,**
**કુરુવિન્દમણિશ્રેણીકનત્કોટીરમન્ડિતા.**

## ૧૩ : ચમ્પકાશોકપુન્નાગસૌગન્ધિકલસત્કચા

**માતાજીના કેશ ચંપક, અશોક, પુન્નાગ એટલે કે નાગચંપો, સૌગન્ધિક (જૂઈ કે મોગરો)નાં પુષ્પોથી સજાવેલા છે.**

માતાજીનો દેહ એટલે કે શારીરિક આકાર અગ્નિકુંડમાંથી પ્રગટેલો છે. તે જ પ્રમાણે તેમનું વર્ણન શિખથી નખ સુધીનું કરવામાં આવ્યું છે. સર્વ પ્રથમ શિખનું વર્ણન કરવામાં આવ્યું છે. આપણે મનુષ્યો નખશિખ વર્ણનથી પરિચિત છીએ. ઉપાસકો માટે શિખથી નખ સુધીનો ક્રમ મહત્ત્વનો છે. સર્વ પ્રથમ શિખનું વર્ણન એટલા માટે કે પ્રથમ કૂટ વાઙ્ભવનું પ્રતીક છે. માતાજીના કેશ ફૂલોને સુગંધ આપી રહ્યા છે. ફૂલ કેશને સુગંધ નથી આપી રહ્યાં એ નોંધવું રહ્યું, જ્યાં માતા સ્વયં ફૂલોમાં સુગંધ સ્વરૂપે બિરાજમાન હોય ત્યાં જગદંબાના કેશની સુગંધની તુલના બીજા કશા સાથે શક્ય જ નથી. જગદંબાના કેશ સ્વયં સુગંધિત છે. ફૂલોમાં જે સુગંધ હોય તે જગદંબાની જ ભેટ છે. સામાન્ય રીતે સ્ત્રીઓ પોતાના કેશમાં ફૂલ નાખે છે, ફૂલ સજાવે છે અને તેમના કેશ ફૂલોથી સુગંધિત થતા હોય છે, પરંતુ જગદંબાના કેશની સુગંધથી જ સ્વયં પુષ્પ સુવાસિત બની જતાં હોય છે.

## ૧૪ : કુરુવિન્દમણિશ્રેણીકનત્કોટીરમન્ડિતા

**કુરુવિન્દમણિઓની સેરથી માતાજીનો મુગટ ચમકી રહ્યો છે.**

પુરાણોમાં ક્રમની દૃષ્ટિએ સત્તરમા ગરુડપુરાણમાં વિષ્ણુભગવાને પોતાના વાહન ગરુડ પક્ષીને વિશ્વની સૃષ્ટિનો ઉપદેશ આપ્યો છે. આ ઉપદેશ સાંભળનાર ગરુડ છે. આ પુરાણના પૂર્વખંડમાં

જ્યોતિષ, આયુર્વેદ, પશુચિકિત્સા વગેરેનો ઉલ્લેખ છે. તેમાં રત્નો વિશે પણ એક અધ્યાય છે. જેમાં અનેક પ્રકારના મણિઓની ચર્ચા કરવામાં આવી છે. અમુક મણિ ખાણોમાંથી નીકળે છે. અમુક મણિ નદીઓમાંથી પ્રાપ્ત થાય છે. ખાણમાંથી પ્રાપ્ત થતા મણિઓની સરખામણીમાં આ પ્રકારના મણિ શ્રેષ્ઠ માનવામાં આવે છે. કુરુવિન્દમણિને પદ્મરાગમણિ પણ કહે છે. કુરુવિન્દમણિને પ્રેમ, સમૃદ્ધિ અને ઈશ્વરભક્તિ પ્રદાન કરનાર મણિ તરીકે માનવામાં આવ્યો છે. અર્થાત્ જે ઉપાસક આવા-આવા મણિઓથી સુશોભિત દેવીનું ધ્યાન કરે છે તેની દેવી પ્રત્યેની ભક્તિ પણ વધ્યા જ કરે છે.

अष्टमीचन्द्र-विभ्राज-दलिकंस्थल-शोभिता ।
मुखचन्द्र-कलंकाभ-मृगनाभि-विशेषका ॥ ५ ॥

**૫. અષ્ટમીચન્દ્રવિભ્રાજદલિકસ્થલ શોભિતા,**
**મુખચન્દ્રકલંકાભમૃગનાભિવિશેષકા.**

### ૧૫ : અષ્ટમીચન્દ્રવિભ્રાજદલિકસ્થલ શોભિતા

**માતાજીનું મસ્તક અષ્ટમીના ચંદ્ર જેવું ઉજ્જ્વળ અને નિર્મળ છે.**

અષ્ટમીના ચંદ્રની વિશેષતા એ છે કે અષ્ટમીના દિવસે ચંદ્રની અંદર આઠ કલાઓ હોય છે. આથી તે રાત્રીએ ચંદ્રના પ્રકાશિત અને અપ્રકાશિત બંને ભાગ સમાન હોય છે. ચંદ્રની સોળ કલાઓ છે. માતાજીના ઉપાસકો માટે અષ્ટમીનું વિશેષ મહત્ત્વ હોય છે. 'સૌંદર્યલહરી'માં માતાજીનાં મસ્તક અને કપાળના ચંદ્રનો સંદર્ભ જોવા જેવો છે.

### ૧૬ : મુખચન્દ્રકલંકાભમૃગનાભિવિશેષકા

માતાજીના લલાટ પર મૃગની નાભિમાંથી ઉત્પન્ન થયેલ કસ્તુરીનું તિલક કરેલું હોય છે. આ તિલક બિલકુલ એવું જ હોય છે જેવું ચંદ્રમાની અંદર કલંક પ્રગટ કરનારું કાળું બિંદુ હોય છે. મુખ ચંદ્ર જેવું છે એ ઉપમા જાણીતી છે. મૂળ સંદર્ભ અહીં છે.

वदनस्मर-माñल्य-गृहतोरण-चिल्लिका ।
वक्रलक्ष्मी-परीवाह-चलन्मीनाभ-लोचना ॥ ६ ॥

**૬. વદનસ્મરમાંગલ્ય ગૃહતોરણચિલ્લિકા,**
**વક્ત્રલક્ષ્મીપરીવાહચલન્મીનાભલોચના.**

### ૧૭ : વદનસ્મરમાંગલ્ય ગૃહતોરણચિલ્લિકા

**દેવીનું મુખ કામરાજના ગૃહ જેવું સુંદર છે.**

કામરાજનો જે મંગલમય પ્રાસાદ છે તે તો માતાજીનું બહિર્દ્વાર છે (તોરણ છે) અને માતાજીની ભ્રમર ધનુષ્યાકાર છે.

## ૧૮ : વક્ત્રલક્ષ્મીપરીવાહચલન્મીનાભલોચના

માતાજીની આંખો તેના મુખરૂપી સુંદર સરોવરમાં ચંચળ માછલીઓ જેવી લાગી રહી છે. માછલી સ્વભાવે ચંચળ હોય છે અને આંખને પણ ચંચળ માનવામાં આવે છે. એક ગૂઢ અને સૂક્ષ્મ વાત એ છે કે જેવી રીતે માછલી પોતાની દૃષ્ટિમાત્રથી જ પોતાનાં બચ્ચાંઓનું પાલન કરતી હોય છે એ જ પ્રકારે મા દૃષ્ટિમાત્રથી ભક્તોનું પોષણ કરે છે.

नवचम्पक-पुष्पाभ-नासादण्ड-विराजिता।
ताराकान्ति-तिरस्कारि-नासाभरण-भासुरा ॥ ७ ॥

**૭. નવચમ્પકપુષ્પાભનાસાદન્ડવિરાજિતા,**
**તારાકાન્તિતિરસ્કારિનાસાભરણભાસુરા.**

## ૧૯ : નવચમ્પકપુષ્પાભનાસાદન્ડવિરાજિતા

ચંપાનું તાજું ખીલેલું ફૂલ જે ઝાંખું પીળું હોય છે તેવું નહીં, પરંતુ વિકસિત થયેલા ચંપાના ફૂલ જેવું દેવીનું નાસાદંડ છે.

## ૨૦ : તારાકાન્તિતિરસ્કારિનાસાભરણભાસુરા

માતાજીના નાકમાં હીરો છે અને આ હીરાના તેજ પાસે સમગ્ર તારાઓ, ગ્રહ-નક્ષત્રોનો ઝગમગાટ જાણે તિરસ્કૃત થઈને દૂર ચાલ્યો ગયો હોય એમ લાગે છે.

कदम्बमञ्जरी-क्लृप्त-कर्णपूर-मनोहरा।
ताटंक-युगली-भूत-तपनोडुप-मण्डला ॥ ८ ॥

**૮. કદમ્બમંજરીક્લૃપ્તકર્ણપૂરમનોહરા,**
**તાટંકયુગલીભૂતતપનોડુપમન્ડલા.**

## ૨૧ : કદમ્બમંજરીક્લૃપ્તકર્ણપૂરમનોહરા

માતાજીનાં કર્ણફૂલ કદમ્બની મંજરી જેવા કલ્પવામાં આવ્યા છે. કર્ણફૂલ કાનના ઉપરના ભાગમાં હોય છે અને તે મનોહર લાગે છે.

## ૨૨ : તાટંકયુગલીભૂતતપનોડુપમન્ડલા

**માતાજીના બંને કાનોમાં તાટંક એટલે કે એરિંગ છે.**

એરિંગ સામાન્ય રીતે સોનાનાં અને ગોળ હોય છે. માતાજીના કાનનાં એરિંગ તો સ્વયં સૂર્યમંડળ અને તારાઓ છે. તપન એટલે સૂર્ય અને ઉડુપ એટલે તારાનક્ષત્ર. જ્યારે સૂર્ય અને તારાનક્ષત્ર સ્વયં એરિંગ બન્યાં હોય ત્યારે એ વિરાટનાં દર્શન માટે કઈ દૃષ્ટિ જોઈએ અને કેવી કૃપા જોઈએ તે વિચારમાત્રથી જ રોમાંચિત થઈ જવાય છે.

पद्मरागशिलादर्श-परिभावि-कपोलभूः।
नवविद्रुम-बिम्बश्री-न्यक्कारिदशनच्छदा ॥ ९ ॥

**૯. પદ્મરાગશિલાદર્શપરિભાવિકપોલભૂઃ,**
**નવવિદ્રુમબિમ્બશ્રીન્યક્કારિદશનચ્છદા.**

## ૨૩ : પદ્મરાગશિલાદર્શપરિભાવિકપોલભૂઃ

**જગદંબાના ગાલ માણેક જેવી લાલી ધરાવે છે.**

જે અત્યંત તેજસ્વી અને નિર્મળ છે. દર્પણની જેમ એમાં પ્રતિબિંબ દેખાય છે. માતાજીના ગાલ અત્યંત દિવ્ય છે.

## ૨૪ : નવવિદ્રુમબિમ્બશ્રીન્યક્કારિદશનચ્છદા

માતાજીના હોઠની લાલી નવું બિમ્બફ્લ ખૂલ્યું હોય તેની લાલાશને પણ શરમાવે તેવી છે. સમગ્ર સૃષ્ટિમાં જે લાલાશ છે તે તો માતાજીના હોઠની લાલાશનું માત્ર પ્રતિબિંબ છે અને તે માતાજીના દાંતનું આચ્છાદન કરી રહ્યા છે.

शुद्धविद्यांकुराकार-द्विजपंक्ति-द्वयोज्ज्वला।
कर्पूरवीटिकामोद-समाकर्षि-दिगन्तरा ॥ १० ॥

**૧૦. શુદ્ધવિદ્યાંકુરાકારદ્વિજપંક્તિદ્વયોજ્જ્વલા,**
**કર્પૂરવીટિકામોદસમાકર્ષિદિગન્તરા.**

## ૨૫ : શુદ્ધવિદ્યાંકુરાકારદ્વિજપંક્તિદ્વયોજ્જ્વલા

શુદ્ધ વિદ્યાના અંકુર જેવા ૧૬-૧૬ દાંત માતાજીના મુખમાં શોભી રહ્યા છે. જાણે ૧૬-૧૬ બ્રાહ્મણોની હાર બેઠી હોય એમ લાગે છે.

દ્વિજ પંક્તિ એટલે સાત્ત્વિક અને સફેદ એમ બે અર્થ જોડાયેલા છે. શુદ્ધ વિદ્યા એટલે જેને અજ્ઞાનનો સ્પર્શ જ ન થયો હોય. શુદ્ધ વિદ્યાનો એક અર્થ ષોડશી વિદ્યા પણ છે. ષોડશીના સોળ અક્ષરની જેમ માતાજીના દાંત શોભી રહ્યા છે. બ્રાહ્મણોનો ઉદ્‌ગમ પણ દેવીના મુખમાંથી થયેલો ગણાય છે. આથી તેમની તુલના પણ દેવીના દાંતો સાથે કરી શકાય. દાંત બે વાર આવે છે. આથી પણ તેને દ્વિજ પંક્તિ કહી શકાય.

## ૨૬ : કર્પૂરવીટિકામોદસમાકર્ષિદિગન્તરા

માતાજીએ જે તાંબૂલ ખાધું છે તેની સુંગધથી દશે દિશાઓના હાથી આકર્ષિત થાય છે. માતાજીનું પાન લવિંગ, કસ્તુરી, કેસર, જાવંત્રી વગેરે ૬૪ વસ્તુઓના મિશ્રણથી બને છે.

निज-संलाप-माधुर्य-विनिर्भर्त्सित-कच्छपी।
मन्दस्मित-प्रभापूर-मज्जत्कामेश-मानसा॥ ११॥

**૧૧. નિજ-સંલાપ-માધુર્ય-વિનિર્ભર્ત્સિત-કચ્છપિ**
**મન્દસ્મિત-પ્રભાપૂર-મજ્જત્કામેશ-માનસા.**

### ૨૭ : નિજ-સંલાપ-માધુર્ય-વિનિર્ભર્ત્સિત-કચ્છપિ

તારો આલાપ જ એટલો મધુર છે કે સરસ્વતીદેવીની વીણા કચ્છપીને પણ શરમાવી દે છે.

વીણા શબ્દની સાથે સરસ્વતીદેવીની જેમ જ નાદરજી પણ યાદ આવે. દરેકની વીણાનાં વિશિષ્ટ નામ છે. નારદજીની વીણાનું નામ મહતી છે. સરસ્વતીદેવીની વીણા કચ્છપી તરીકે ઓળખાય છે. વીણાના સુમધુર સ્વરોને કારણે જ વીણાવાદન સાંભળવાનું મન થતું હોય છે. સામાન્ય વીણા કરતાં પણ સરસ્વતીની કચ્છપી વીણા અનેક ગણી સુરીલી છે. પરંતુ એ સત્ય નિર્વિવાદ છે કે માતાજીના આલાપમાં જે માધુર્ય અને રસ છે તેની તોલે કોઈ વાદ્ય આવી ન શકે.

### ૨૮ : મન્દસ્મિત-પ્રભાપૂર-મજ્જત્કામેશ-માનસા

માતાજીના મંદ-મધુર સ્મિતનું જે તેજ છે તેના મહાસાગરમાં કામેશનું માનસ મગ્ન થઈ ગયું છે.

अनाकलित-सादृश्य-चिबुकश्री-विराजिता।
कामेश-बद्ध-मांगल्य-सूत्र-शोभित-कन्धरा॥ १२॥

**૧૨. અનાકલિત-સાદશ્ય-ચિબુકશ્રી-વિરાજિતા,**
**કામેશ-બદ્ધ-માંગલ્ય-સૂત્ર-શોભિત-કન્ધરા.**

### ૨૯ : અનાકલિત-સાદશ્ય-ચિબુકશ્રી-વિરાજિતા

માતાજીની હડપચીની શોભા ઉપમારહિત છે.

### ૩૦ : કામેશ-બદ્ધ-માંગલ્ય-સૂત્ર-શોભિત-કન્ધરા

**કામેશ એટલે કે પરમ શિવે જે મંગળસૂત્ર ગળામાં બાંધ્યું છે તેનાથી તે શોભે છે.**

લલિતાસહસ્રનામ એ જપસ્તોત્ર છે, માત્ર માતાજીનાં હજાર નામોનો સમૂહ નથી. નામજપ દ્વારા ભીતર કઈ રીતે ડોકિયું થાય તેની આ સહજ વિધિ છે. એ જગદમ્બાનાં નામનું સ્મરણ નામધારી જીવને અનંત નામમાં વહાવી જાય છે. અનંત નામ સાથેનું જોડાણ ક્ષણભંગુર નામરૂપમાંથી મુક્ત કરી આપે છે. જ્યારે નામજપ કરીએ છીએ ત્યારે માત્ર શબ્દરૂપે જ નહીં, ધ્વનિરૂપે પણ એક ગૂઢ ક્રિયા શરૂ થાય છે. અર્થની સાથે ભાવ અને ધ્વનિની સાથે સ્પંદન પ્રગટે છે. પૂર્ણ રીતે જ્યારે સ્પંદનમય થઈ જઈએ ત્યારે સાચા અર્થમાં ઉપાસના શરૂ થાય છે.

कनकांगद-केयूर-कमनीय-भुजान्विता।
रत्नग्रैवेय-चिन्ताक-लोल-मुक्ता-फलान्विता ॥ १३ ॥

**૧૩. કનકાંગદ-કેયૂર-કમનીય-ભુજાન્વિતા,**
**રત્નગ્રૈવેય-ચિન્તાક-લોલ-મુક્તા-ફલાન્વિતા.**

## ૩૧ : કનકાંગદ-કેયૂર-કમનીય-ભુજાન્વિતા

માતાની કમનીય ભુજાઓમાં સોનાના બાજુબંધ છે. અંગત અને કેયૂર બાજુબંધને કહે છે. તેનો આકાર ગોળ હોય છે. બ્રહ્મોત્તરપુરાણમાં આ અંગે ચર્ચા જોવા મળે છે.

## ૩૨ : રત્નગ્રૈવેય-ચિન્તાક-લોલ-મુક્તા-ફલાન્વિતા

**ગળામાં રત્નોનો અને સુવર્ણોનો હાર છે, જેમાં મોતી ઝગમગી રહ્યાં છે.**

લલિતાસહસ્ર નામજપ કરતો હતો ત્યારે શરૂઆતમાં સૌને થાય છે તેમ મને પણ થતું કે દરેક નામના અર્થ જાણતા હોઈએ તો જપ વધુ સારી રીતે થાય, પરંતુ આ બધાં નામના અર્થ માત્ર કોરી પંડિતાઈથી શબ્દકોશના અર્થ પ્રમાણે સમજમાં આવે તેમ નથી. આ નામો પણ સમજણની પેલે પારનાં છે. સહસ્રનામોનો જપ જેમ-જેમ વધારતા જઈએ છીએ તેમ-તેમ આ નામાવલિનું ખરું માહાત્મ્ય પ્રગટતું જાય છે, અનુભવાતું જાય છે. પ્રત્યેક નામનો ઉચ્ચાર, ભાવ, સ્પંદન જાણે અંદરથી દરેક તબક્કાએ વીંછળે છે. દરેક જપ વખતે એ અનંતની તરફ એક ડગલું ભર્યાનો આનંદ પ્રગટે છે.

અહીં શ્રીદેવી અથર્વશીર્ષ યાદ આવી જાય. શ્રીદેવી અથર્વશીર્ષના ૨૪મા શ્લોકમાં જણાવવામાં આવ્યું છે કે સર્વ મંત્રોમાં માતા મૂળાક્ષરરૂપે રહેલી છે. શબ્દોમાં એ જ્ઞાનરૂપે રહેલી છે. જ્ઞાનમાં એ ચિન્મયાન્દારૂપે રહેલી છે અને શૂન્યોમાં શૂન્યસાક્ષિણીરૂપે રહેલી છે. તેનાથી શ્રેષ્ઠ કશું જ નથી, તે જ દુર્ગા નામે પ્રસિદ્ધ છે.

માતાજીની ગ્રીવાનું જે ધ્યાન કરે છે તેને ગ્રૈવેયચિંતક કહેવાય છે. બાહ્ય પૂજામાં સાધક માટે મુખારવિંદ પછી ગળાનું ધ્યાન મહત્ત્વનું ગણાય છે. મોતી ઝૂલી રહ્યાનો એક અર્થ મનોકામનાઓ પણ કરવામાં આવે છે. ઉપાસક પોતપોતાના સ્તર પ્રમાણે માતાજીની ઉપાસના કરતો હોય છે અને ઉપાસકની શ્રેષ્ઠ, મધ્યમ અને નિકૃષ્ટ શ્રેણી પ્રમાણે તેની મનોકામનાઓ પૂર્ણ થતી હોય છે, ફળ મળતું હોય છે.

कामेश्वर-प्रेमरत्न-मणि-प्रतिपण-स्तनी।
नाभ्यालवाल-रोमालि-लता-फल-कुचद्वयी ॥ १४ ॥

**૧૪. કામેશ્વર-પ્રેમરત્ન-મણિ-પ્રતિપણ-સ્તની**
**નાભ્યાલવાલ રોમાલિ-લતા-ફલ-કુચદ્વયી.**

### ૩૩ : કામેશ્વર-પ્રેમરત્ન-મણિ-પ્રતિપણ-સ્તની

સર્વ રત્નમણિઓની અંદર કામેશ્વરનું પ્રેમરત્ન સર્વશ્રેષ્ઠ છે. તેના પ્રતિદાનમાં દેવીએ પોતાનાં બંને કુચ સમર્પિત કરી દીધાં છે.

### ૩૪ : નાભ્યાલવાલ રોમાલિ-લતા-ફલ-કુચદ્વયી.

બંને કુચ જાણે કોઈ લતા ઉપર લાગેલા ફળ સમાન છે. આ લતા નાભિથી નીકળેલી છે. રોમાવલિને લતાનો આકાર આપવામાં આવ્યો છે.

लक्ष्यरोम-लताधारता-समुन्नेय-मध्यमा ।
स्तनभार-दलन्मध्य-पट्टबन्ध-वलित्रया ॥ १५ ॥

**૧૫. લક્ષ્યરોમ-લતાધારતા-સમુન્નેય-મધ્યમા,**
**સ્તનભાર-દલન્મધ્ય-પટ્ટબન્ધ-વલિત્રયા**

### ૩૫ : લક્ષ્યરોમ-લતાધારતા-સમુન્નેય-મધ્યમા

માતાજીની કેડ અત્યંત પાતળી છે, આથી જ તેને સ્પષ્ટ કરવા માટે રોમરૂપી લતા સમાન દર્શાવવામાં આવી છે.

### ૩૬ : સ્તનભાર-દલન્મધ્ય-પટ્ટબન્ધ-વલિત્રયા

સ્તનભારથી કટી ઝૂકી રહી છે. એનાથી એવું દેખાય છે કે વક્ષની નીચે ત્રણ વલય પડે છે. કટી એટલી સૂક્ષ્મ છે કે તેને આધાર આપવા માટે કનકપટ્ટિકા – જાણે સોનાનો કંદોરો બાંધ્યો છે.

अरुणारुणकौसुंभ-वस्त्र-भास्वत्-कटीतटी ।
रत्न-किंकिणीका-रम्य-रशना-दाम-भूषिता ॥ १६ ॥

**૧૬. અરુણારુણકૌસુંભ-વસ્ત્ર-ભાસ્વત્-કટીતટી,**
**રત્ન-કિંકિણીકા-રમ્ય-રશના-દામ-ભૂષિતા.**

### ૩૭ : અરુણારુણકૌસુંભ-વસ્ત્ર-ભાસ્વત્-કટીતટી

કટિપ્રદેશ ઊગતા અરુણના ગુલાબી રંગથી દેદીપ્યમાન છે.

### ૩૮ : રત્ન-કિંકિણીકા-રમ્ય-રશના-દામ-ભૂષિતા

સ્વર્ણપટ્ટિકામાં રત્નમણિઓ જડેલા છે અને તેમાં રત્નજડિત ઘૂઘરીઓ છે.

कामेश-ज्ञात-सौभाग्य-मार्दवोरु-द्वयान्विता ।
माणिक्य-मुकुटाकार-जानुद्वय-विराजिता ॥ १७ ॥

**૧૭. કામેશ-જ્ઞાત-સૌભાગ્ય-માર્દવોરુ-દ્વયાન્વિતા,**
**માણિક્ય-મુકુટાકાર-જાનુદ્વય-વિરાજિતા.**

### ૩૯ : કામેશ-જ્ઞાત-સૌભાગ્ય-માર્દવોરુ-દ્વયાન્વિતા

દેવીના બંને ઊરુ અત્યંત કોમળ અને લાવણ્યમય છે. તે સુડોળ અને શાંતિદાયક છે. આ જ્ઞાન થવાનું સૌભાગ્ય માત્ર કામેશ્વર એટલે કે શંકર ભગવાનને જ છે.

### ૪૦ : માણિક્ય-મુકુટાકાર-જાનુદ્વય-વિરાજિતા

તેમના બંને જાનુ અખંડ માણેકથી નિર્માયેલા છે એવું પ્રતીત થાય છે. રત્નજડિત મુગટની જેમ એમની શોભા પણ અતુલનીય છે.

इन्द्रगोप-परिक्षिप्त-स्मरतूणाभ-जंधिका ।
गूढगुल्फा कूर्मपृष्ठ-जयिष्णु-प्रपदान्विता ॥ १८ ॥

**૧૮. ઇન્દ્રગોપ-પરિક્ષિપ્ત-સ્મરતૂણાભ-જંધિકા,**
**ગૂઢગુલ્ફા કૂર્મપૃષ્ઠ-જયિષ્ણુ-પ્રપદાન્વિતા.**

### ૪૧ : ઇન્દ્રગોપ-પરિક્ષિપ્ત-સ્મરતૂણાભ-જંધિકા

બંને જંધિકા રુદ્રને જીતવા માટે બમણાં બાણોથી ભરેલા ભાથા જેવી છે.

### ૪૨ : ગૂઢગુલ્ફા

માતાજીનાં ઘૂંટણ ભરાવદાર છે.

### ૪૩ : કૂર્મપૃષ્ઠ-જયિષ્ણુ-પ્રપદાન્વિતા

માતાજીના પગ કાચબાની પીઠ જેવા છે. કાચબાની પીઠ અત્યંત કઠોર હોય છે. માતાજી દુષ્ટોનો અને અસુરોનો સંહાર કરવા જ્યારે પગ ઉઠાવે છે ત્યારે દિશાઓ હલી ઊઠી છે.

આનંદના ગરબાની પંક્તિઓ સહજ યાદ આવે :

શુદ્ધ કરણ સંસાર, કર ત્રિશૂળ લીધું મા ભૂમિ તણો શિર ભાર, હરવા મન કીધું મા.
આણી મન આનંદ મહિ માંડ્યાં પગલાં મા, તેજ પુંજ રવિ ચંદ દે નાનાં ડગલાં મા.

नख-दीधिति-संछन्न-नमज्जन-तमोगुणा ।
पदद्वय-प्रभाजाल-पराकृत-सरोरुहा ॥ १९ ॥

**૧૯. નખ-દીધિતિ-સંછન્ન-નમજ્જન-તમોગુણા,**
**પદદ્વય-પ્રભાજાલ-પરાકૃત-સરોરુહા.**

## ૪૪ : નખ-દીધિતિ-સંછન્ન-નમજ્જન-તમોગુણા

માતાજીનાં ચરણોના નખમાંથી જે તીવ્ર પ્રકાશ પ્રગટી રહ્યો છે તેનાથી ઉપાસકોના અજ્ઞાન અને અંધકારનો નાશ થાય છે.

માતાજીના સાધકોમાં બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવોનો પણ સમાવેશ થાય છે. તમસનો અર્થ છે અંધારું. અજ્ઞાન એ જ ખરું અંધારું છે. માતાજીનાં ચરણોનું ધ્યાન કરનાર ઉપાસકનું અજ્ઞાન નાશ પામે છે. મત્સ્યપુરાણ અને પદ્મપુરાણમાં આ વિશે એક સરસ વાત આવે છે. એક વાર નાદરજીએ પાર્વતીજીનાં શારીરિક ચિહ્નો જોઈને સામુદ્રિકશાસ્ત્રના આધારે તેમની માતા મેનાને કહ્યું હતું કે,

न जातोस्याः पतिर्भद्रे लक्षणै च विपर्जिता।

અર્થાત્ એમના માટે હજુ સુધી પતિનો જન્મ થયો જ નથી. પાર્વતીજીનાં શારીરિક ચિહ્નો તદ્દન વિશિષ્ટ અને જુદાં છે. મા હંમેશાં અતુલનીય અને તેનું સ્થાન હંમેશાં સર્વશ્રેષ્ઠ જ રહેશે. તે હંમેશાં બીજાને આપનારી જ રહેશે. તેની પોતાની છાયા જ તેનું ભવિષ્ય હશે. તેનાં ચરણોમાં વ્યભિચારીમાં વ્યભિચારી પણ આવશે. પાર્વતીજી વિશેની વાતો તેમની માતા સાંભળીને બહુ દુઃખી થઈ ગઈ, કારણ કે તે નારદજીના કહેવાનો ગૂઢાર્થ બરોબર સમજી શકી નહોતી. ફરી નારદજીએ કહ્યું, તમારે તો પ્રસન્ન થવું જોઈએ, તેને બદલે તમે મારી વાત સાંભળીને દુઃખી કેમ થઈ ગયાં? મારી વાતો સાંભળીને તમે કંઈક ભ્રમમાં તો નથી પડી ગયાં ને? એમ કહીને તેમણે સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે મેં કહ્યું કે એમનાં ચરણોમાં વ્યભિચારીમાં વ્યભિચારી શરણ લેશે. અર્થાત્ તેમનાં ચરણોમાં ભલભલા સુર અને અસુરો વંદન કરશે અને તેમનાં ચરણોમાં વંદન કરવાથી જ તેમનાં પાપ અને અજ્ઞાન દૂર થઈ જશે. માતાજીનાં ચરણોમાં જ્યારે દેવો અને અસુરો પ્રણામ કરશે ત્યારે પગના નખમાંથી જે પ્રકાશ પ્રગટે તે પ્રકાશથી ભલભલાના રત્નજડિત મુગટો ઝાંખા પડી જશે અને તેમના તમોગુણ અને અહંકાર દૂર થઈ જશે. મેં કહ્યું કે તેમના માટે હજુ પતિનો જન્મ જ નથી થયો તેનો અર્થ એ છે તેમના પતિ ભગવાન શિવની ગણના સૃષ્ટિના જીવસમૂહોમાં નથી થતી. તે તો સ્વયંભૂ અને અજન્મા છે. માતાજીનાં ચરણોની આ મહાનતા છે.

## ૪૫ : પદદ્વય-પ્રભાજાલ-પરાકૃત-સરોરુહા

માતાજીના પગનાં તળિયાં એટલાં સુંદર છે કે તેની સામે કમળ પણ શરમાઈ જાય. માતાજીનાં પગરૂપી કમળ તાજાં ઊઘડેલાં કમળ સમાન છે.

सिंजान-मणिमंजीर मण्डित-श्री पदांबुजा।
मराली-मन्दगमना महालावण्य-शेवधिः॥ २०॥

### ૨૦. સિંજાન-મણિમંજીર મંડિત-શ્રી પદાંબુજા,
### મરાલી-મન્દગમના મહાલાવણ્ય-શેવધિઃ

## ૪૬ : સિંજાન-મણિમંજીર મંડિત-શ્રી પદાંબુજા

માતાજીનાં ચરણકમળમાં રત્નો જડેલાં ઝાંઝર છે અને તેમાં સુંદર ઘૂઘરીઓ ગૂંથાયેલી છે. આથી ચાલતી વખતે તેમાંથી છમ-છમ એવો ધ્વનિ પ્રગટે છે.

સિંજાન... અવ્યક્ત ધ્વનિ કરનારા ઘૂઘરીઓવાળાં ઝાંઝરને કહે છે. નવરાત્રીમાં ઘણી વાર માતાજીના ઉપાસકો કહેતા હોય છે કે અદશ્ય ઝાંઝરનો અવાજ ગરબીમાંથી કે ગોખમાંથી આવ્યા કરે છે. તે આ સંદર્ભે.

## ૪૭ : મરાલી-મન્દગમના

મરાલ એટલે હંસ. માતાજીની ચાલ મંદગતિએ વિહરતી હંસિણી જેવી છે.

## ૪૮ : મહાલાવણ્ય-શેવધિ :

માતાજી સ્વયં તુલના ન કરી શકાય એવા અતુલનીય સૌંદર્યનો સાગર છે.

सर्वारुणाऽनवद्यांगी सर्वाभरण-भूषिता।
शिव-कामेश्वरांकस्था शिवा स्वाधीन-वल्लभा॥ २१॥

**૧. સર્વારુણાऽનવદ્યાંગી સર્વાભરણ-ભૂષિતા,**
**શિવ-કામેશ્વરાંકસ્થા શિવા સ્વાધીન-વલ્લભા.**

## ૪૯ : સર્વારુણા

માતાજીનાં આભૂષણ, વસ્ત્ર, પુષ્પ અને વર્ણ બધું જ અરુણ એટલે કે ઊગતા સૂર્યના રંગ જેવું છે.

## ૫૦ : અનવદ્યાંગી

માતાજીના શરીરનાં સર્વ અંગ દોષરહિત અને તુલના ન કરી શકાય તેવાં છે.

## ૫૧ : સર્વાભરણ–ભૂષિતા

કોઈ પણ એવું આભૂષણ નથી, જે માતાજીના અંગ ઉપર ન હોય, ટૂંકમાં માતાજી સર્વ પ્રકારનાં આભૂષણોથી શોભી રહ્યાં છે.

કાલિકાપુરાણમાં તો ઉલ્લેખ છે કે મુગટથી લઈને નખ સુધી માતાજીએ ચાળીસ પ્રકારના મણિઓ ધારણ કર્યા છે. માતાજીનાં આભૂષણોનાં નામ પરશુરામ કલ્પસૂત્રના પાંચમા ખંડમાં જોવા મળે છે.

## ૫૨ : શિવ-કામેશ્વરાંકસ્થા

**દેવી શિવકામેશ્વરના ખોળામાં બિરાજમાન છે.**

એકાવન નામ સુધી જગદંબાના શરીરના આકારનું વર્ણન કરવામાં આવ્યું છે, તો હવે માતાજીનાં આસનના વર્ણનનો આરંભ થાય છે.

કામનો અર્થ જેની કામના કરી શકાય, ઇચ્છા કરી શકાય અથવા જે પોતાની ઇચ્છાનુસાર આકાર ગ્રહણ કરી શકે તે કામ. ઐતરેય ઉપનિષદમાં કામનો અર્થ પ્રજ્ઞાન પણ છે, જેને હૃદય અને મન કહે છે, તે સમ જ્ઞાન છે.

આદેશ, મેધા, બોધ, ગંભીરતા, ચાતુર્ય, અન્વેષણ, સાક્ષી, ચિંતન, વિચારણીય, સત્વર, ભોગ, સ્મરણ, ધ્યાન, ઇપ્સિતા, શ્વાસ-ઉચ્છ્વાસ, સ્નેહ કે રુચિ, કામના વગેરે જ્ઞાનની અંતર્ગત આવે છે. આ ઉપનિષદમાં પ્રજ્ઞાનનું તાત્પર્યવાચી શિવ છે. આનું સમર્થન સૂતસંહિતામાં પણ મળે છે. તેમાં ઉલ્લેખ આવે છે કે વિજ્ઞાન એ શંકર છે, જેને મનીષીઓએ અનેક નામોથી સંબોધિત કર્યા છે. જોકે આજના સંદર્ભમાં કામનો અર્થ રુદ્ર તરીકે જાણીતો નથી. બ્રહ્મોપનિષદમાં જણાવ્યું છે તેમ ભગવાને સૃષ્ટિની રચના કરવા માટે કામની કામના કરી અને આમ કામના માટે કામ પ્રયુક્ત થયો.

## ૫૩ : શિવા

વશ ધાતુમાંથી શિવ શબ્દ બન્યો છે. વશનો અર્થ છે ઇચ્છા. અર્થ એટલો છે કે જગદંબા પરમ શિવની સાક્ષાત્ ઇચ્છા છે. આથી શિવ શક્તિની પૂજા કરે છે. શૈવ આગમોમાં શિવ શબ્દની વ્યાખ્યાઓ કરવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે શિવ એટલે માનસના રૂપાંતરપ્રક્રિયાના સાક્ષી. જે રૂપાંતર થતાં પહેલાં પણ હતા, ઇન્દ્રિયજનિત જ્ઞાનને કારણે પણ છે, જે આત્મભાવ છે. જે અપવિત્ર સંગાથોમાં પણ પવિત્રતાનો ભાવ રાખે છે, જે સ્વયં ચૈતન્ય છે, આનંદ છે, પ્રીતિભાજન છે. જે બધું જ પ્રદાન કરવામાં સમર્થ છે. જે સૃષ્ટિના કણેકણમાં જોડાયેલા છે. જે સર્વજ્ઞ અને સર્વવ્યાપક છે એને શિવ કહેવાય છે. જે પોતાના જ પ્રકાશથી પ્રકાશિત છે. જે શુદ્ધ તત્ત્વ છે અને સૌથી મહત્ત્વની વાત એ છે કે એ શુદ્ધ તત્ત્વ એટલું શુદ્ધ તત્ત્વ છે કે જેનામાં જીવ કે ઈશ બેમાંથી એકેય ભાવ નથી. એ શિવ છે તે શક્તિ સૌનું કલ્યાણ કરનારી છે. એટલે તેનું નામ શિવા છે. તેનામાં બધા જ શ્રેષ્ઠ ગુણો છે. મહાભારતમાં ઉલ્લેખ છે કે મનુષ્યનાં સર્વ કાર્યોને જે પૂરણ કરે છે અને જે સદાય કલ્યામયી છે તે શિવા છે. દેવ અને દાનવ બંને તેને માટે સમાન છે. આથી તેનું નામ શિવા છે. શ્રુતિનું કથન છે કે જે સર્વ ભૂતોની જનની છે અને જે સર્વની ભીતર રહે છે અને તેનામાંથી જ આ સૃષ્ટિ પ્રગટી છે. કૈવલ્ય ઉપનિષદમાં તેને ત્રિનેત્રા અને નીલકંઠી કહી છે. શિવસ્તોત્ર તથા શિવસહસ્રનામમાં આ અંગે વિસ્તારથી છે. લિંગપુરાણમાં કહેવામાં આવ્યું છે કે જે શિવ છે એ જ શિવા છે અને જે દેવી છે એ જ શિવ છે, કારણ કે બંનેનો ભાવ એક જ છે. દેવીને જ શિવ કહેવાય છે. ત્રિપુરા સિદ્ધાંતમાં કામેશ્વર અને કામેશ્વરી અભિન્ન જણાવાયાં છે. ગૌડિયા વૈષ્ણવદર્શન પ્રમાણે એ જ શ્રીકૃષ્ણ અને રાધા છે. શિવ-શક્તિ, કામેશ્વરી, કૃષ્ણ-રાધા, ઉમા-શંકર એક જ છે અને અભિન્ન છે. આ જ ચરમ વસ્તુ ત્રિપુરામતમાં સુંદરી અથવા ત્રિપુરસુંદરી છે. આદ્ય શંકરાચાર્યે પણ 'સૌંદર્યલહરી'માં જગદંબાના આ જ સ્વરૂપનું વર્ણન કરેલું છે.

ગોપીનાથ કવિરાજના જણાવ્યા અનુસાર લલિતા જ પુરુષરૂપમાં કૃષ્ણભાવે પ્રગટ છે, ઉપાસનાની પદ્ધતિ અનુસાર જપ-સમર્પણનો સામાન્ય નિયમ એવો છે કે દેવી હોય તો તેના ડાબા હાથમાં અને દેવ હોય તો તેમના જમણા હાથમાં જપફલ સમર્પિત કરવામાં આવે છે, પણ